# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: આશુતોષ અંતાણી

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ: 23-09-2024 શનિવાર** **સમય: સવારે: ૬:૫૦**

## મુખ્યમંત્રી : રાજ્ય ગ્રામીણ માર્ગો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોના ૧ હજાર ૨૦ કિલોમીટર લંબાઈના ૭૮૭ માર્ગોને કોન્ક્રીટ રોડ બનાવવા ૬૬૮ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે.

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં માર્ગો પર પાણી ભરાવાની તેમજ રસ્તા ધોવાઇ જવાની સમસ્યાના કાયમી ઉકેલ માટે ગામતળની લંબાઈમાં ૫.૫૦ મીટર કે ઉપલબ્ધ પહોળાઈમાં કોન્ક્રીટ રોડ બનાવવા માટે કુલ ૬૬૮.૩૦ કરોડ રૂપિયાની ફાળવણીની મંજુરી આપી છે.

જ્યાં કોન્ક્રીટ રોડ બનાવવો શક્ય નહી હોય ત્યાં પેવર બ્લોકની કામગીરી કરવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોને સુવિધાયુક્ત, ટકાઉ અને બારમાસી માર્ગો પુરા પાડવા હેતુથી રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

RNU અમદાવાદ

---

## ઉપરાષ્ટ્રપતિ : દીવ મુલાકાત

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ બે દિવસના દીવ પ્રવાસે હતા. દરમિયાન તેમણે વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કર્યા હતા.

RNU અમદાવાદ

---

## કેન્દ્રીય જળ શક્તિ મંત્રી : સુરત

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટિલે આજે સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હૉસ્પિટલ પરિસર ખાતે 32.7 કરોડના ખર્ચે નવ નિર્મિત G+16 માળની પી.જી હૉસ્ટેલનું લોકાર્પણ કર્યું હતું.

RNU અમદાવાદ

---

## રાજ્ય પ્રવાસન મંત્રી : મોટા યક્ષ મેળો

. મીની તરણેતર તરીકે પ્રસિદ્ધ યક્ષ બૌંતેરા લોકમેળાનો ગઈકાલ થી પ્રારંભ થયો છે. રાજ્ય પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ નખત્રાણા તાલુકાના સાયરા ખાતે આયોજીત આ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે મોટા યક્ષ મંદિર પરિસરના વિકાસ માટે 10 કરોડના ભંડોળની જાહેરાત કરી હતી. આ પ્રસંગે સંબોધન કરતા મુળુભાઈ બેરાએ જણાવ્યું કે કચ્છના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

તેમણે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકાસ પણ અને વારસો પણ સૂત્ર સાથે લોકમેળાઓને જીવંત બનાવી રાખવાનું કામ ગુજરાત સરકારે કર્યું છે. આ ભાતીગળ લોકમેળાને માણવા મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા હતા.

તો માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો ભૂજ દ્વારા વિકસીત ભારત 2047 વિષય અંતર્ગતનું એક પ્રદર્શન આ મેળા ખાતે ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. ભારતના વિકાસ વિશેની માહિતી અને માર્ગદર્શન છેવાડાના લોકો સુધી પહોંચે એ માટેના કેન્દ્ર સરકારના આ અભિગમને પ્રવાસનમંત્રી મૂળુભાઈ બેરાએ આવકાર્યો હતો.

પર્યાવરણ મંત્રીએ ભુજ તાલુકામાં આવેલી વન વિભાગની મોચીરાઈ નર્સરીની મુલાકાત લઈને કચ્છમાં ચાલી રહેલી સામાજિક વનીકરણની કામગીરીની સમીક્ષા કરી હતી.

આશુતોષ અંતાણી

---

## રાજ્ય : હવામાન : વરસાદ આગાહી

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર અને હવેલીના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

ઉત્તર ગુજરાતની વાત કરીએ તો અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગરના અંતરિયાળ ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગરમાં વરસાદની શક્યતા છે. રાજ્યના અન્ય ભાગોમાં તાપમાન સૂકું રહેવાનો અંદાજ છે.

**આશુતોષ અંતાણી**

---

## એક અગત્યની જાહેરાત...

એક અગત્યની જાહેરાત:

મોદી સરકારના ત્રીજા કાર્યકાળના 100 દિવસ પૂર્ણ થવા નિમિત્તે આકાશવાણી ભુજ સમાચાર વિભાગ દ્વારા પ્રસ્તુત વિશેષ કાર્યક્રમ “વિકસિત ભારત તરફ પ્રયાણ” આજે સોમવારે રાત્રે સાડા 9 વાગ્યે આકાશવાણી ભુજ કેન્દ્ર પરથી પ્રસારિત કરાશે.

**આશુતોષ અંતાણી**

---

## કચ્છ : ભચાઉ પાસે અકસ્માત

પૂર્વ કચ્છ ના ભચાઉ નજીક થયેલ એક માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિના મોત નીપજ્યા છે.આ અંગે સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ભાભર થી આદિપુર જઈ રહેલી સ્કોર્પિયો કાર ઉભેલા ડમ્પર પાછળ ટકરાઈ હતી.આ અકસ્માત માં બે મહિલા ના સ્થળ પર જયારે એકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

**આશુતોષ અંતાણી**

---

## રાજ્ય : સ્વચ્છતા હી સેવા પખવાડિયુ

રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા પખવાડિયાને વ્યાપક જનપ્રતિસાદ મળી રહ્યો છે. એક યાદીમાં જણાવાયું છે કે, રાજ્યમાં જાહેર વાહન વ્યવહાર અને હાઈવેની સાફ સફાઈમાં ૧ લાખ ૧૪ હજાર ૨૨૫થી વધુ નાગરીકો સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા, જે પૈકી ૨૮૯ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે.. રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં સ્વચ્છતા સંદર્ભે જન જાગૃતિ કેળવાય તે આશયથી ૭૬થી વધુ સ્વચ્છતાના શેરી નાટકનું આયોજન પણ કરવામાં આવ્યું છે

આશુતોષ અંતાણી

---

## ચેસ : ઓલમ્પિયાડ ભારત

હંગેરીના બુડાપેસ્ટમાં રમાઈ રહેલી ચેસ ઓલમ્પિયાડમાં ભારતે પ્રથમ સુવર્ણચંદ્રક મેળવીને ઇતિહાસ સર્જ્યો છેઅર્જુન એરીગ .ૈસીએ સ્પર્ધાના અંતિમ રાઉન્ડમાં સર્બિયાના જેન સુબેલ્જને હરાવ્યા હતા આ સાથે .FIDE રેન્કિંગ્સમાં અર્જુન વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચી ગયા છે .2797 પોઇન્ટ સાથે તેઓ સૌથી ઊંચો રેન્ક ધરાવતા ભારતીય ચેસ ખેલાડી બન્યા છે. ભારતના ગુકેશે પણ વ્લાદિમીર ફેડોસીવને હરાવ્યા હતા.

આશુતોષ અંતાણી

---

## ક્રિકેટ : ભારત બાંગ્લાદેશ પ્રથમ ટેસ્ટ મેચ

ચેન્નઈમાં રમાયેલી ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે બાંગ્લાદેશ સામે 280 રનથી ભવ્ય વિજય મેળવ્યો છે. આ સાથે ભારત 2 મેચની શ્રેણીમાં એક—શૂન્યથી આગળ છે

આશુતોષ અંતાણી

---